**અનુસૂચિત જાતિ, જનજાતિ (અત્યાચાર નિવારણ) નિયમો-૧૯૯૫ના નિયમ-૧૬ અન્વયે માન. મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષપદે રાજય સ્તરની તકેદારી અને મોનીટરીંગ સમિતિની રચના બાબત.**

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
(સમાજ કલ્યાણ પ્રભાગ )
ઠરાવ ક્રમાંક: હસલ-૧૦૨૦૦૦૩-૫૬૧-હ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: [illegible]

**<u>વંચાણે લીધા :</u>**

(૧) ભારત સરકારના કલ્યાણ મંત્રાલયના તા. ૩૧-૩-૯૫ ના જાહેરનામા ક્રમાંક: જી.એસ.આ ૨-૩૧૬-(ઇ)
(૨) સમાજ કલ્યાણ વિભાગનો તા. ૮-૯-૧૯૯૭ નો સરકારી ઠરાવ ક્રમાંક: હસલ-૧૦૯૪-૩૧૩૧-હ
(૩) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ (સ.ક.પ્ર.) નો તા. ૯-૯-૧૯૯૮ નો સરકારી ઠરાવ ક્રમાંક: હસલ-૧૦૯૪-૩૧૩૧-હ.
(૪) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૧૭-૬-૨૦૦૩ નો ઠરાવ ક્રમાંક: હસલ-૧૦૨૦૦૩-૫૬૧-હ
(૫) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરનો તા. ૨૯-૫-૨૦૦૪ નો પત્ર ક્રમાંક: અજાક-છ.૧-૦૪-૨૭૯૨.

**<u>પ્ર સ્તા વ ના :</u>**

અનુસૂચિત જાતિ / જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, ૧૯૮૯ની કલમ-૨૩ ની પેટા કલમ (૧) થી મળેલ સત્તાની રુએ કેન્દ્ર સરકાર દ્વારા અનુસૂચિત જાતિ/ જનજાતિ (અત્યાચાર નિવારણ)- નિયમો-૧૯૯૫, આમુખમાં ક્રમાંક (૧) માં દર્શાવેલ જાહેરનામા દ્વારા અમલમાં મૂકેલા છે અને રાજય સરકાર દ્વારા આ નિયમોનો અમલ કરવામાં આવે છે. અનુસૂચિત જાતિ / જનજાતિ (અત્યાચાર નિવારણ) નિયમો-૧૯૯૫ ના નિયમ-૧૬ મુજબ, રાજય સરકાર દ્વારા માન.મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષપદે

રાજય સ્તરની તકેદારી અને મોનીટરીંગ સમિતિની રચના કરવાની રહે છે તે અન્વયે આવી રાજય સ્તરની તકેદારી અને મોનીટરીંગ સમિતિની આમુખ (૪) માં દર્શાવેલ વિભાગના તા. ૧૭-૬-૨૦૦૩ ના ઠરાવથી રચના કરવામાં આવેલ. આમુખ (૫) માં દર્શાવેલ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરના તા. ૨૯-૫-૨૦૦૪ ના પત્રથી પ્રસ્તુત સમિતિમાં તેમનો પણ સમાવેશ કરવા દરખાસ્ત કરેલ. આ ઉપરાંત આ સમિતિનાં સભ્ય એવા શ્રી રામસિંહ રાઠવા હવે સંસદસભ્ય તરીકે ચાલુ ન હોવાથી તેમના સ્થાને અન્ય વર્તમાન સંસદસભ્યશ્રીની આ સમિતિમાં સભ્યશ્રી તરીકે નિમણૂક કરવાની થતી હતી. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ, ગાંધીનગર તથા શ્રી રામસિંહ રાઠવા, ભૂતપુર્વ સંસદસભ્યશ્રીના સ્થાને વર્તમાન સંસદસભ્યશ્રીની આ સમિતિમાં નિમણૂક કરવાની બાબત વિચારણા હેઠળ હતી.

## ઠ રા વ :

પુખ્ત વિચારણાને અંતે સરકારશ્રીએ મા.મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષપદે નીચે જણાવ્યા પ્રમાણેના સભ્યોની નિમણૂક કરી રાજય સ્તરની તકેદારી અને મોનીટરીંગ સમિતિની પુનઃ રચના કરવાનું આથી ઠરાવેલ છે :-

| | | |
|---|---|---|
| (૧) | મા.મુખ્યમંત્રીશ્રી | અધ્યક્ષશ્રી |
| (૨) | મા.મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | સભ્યશ્રી |
| (૩) | મા.મંત્રીશ્રી (નાણાં) | સભ્યશ્રી |
| (૪) | મા.મંત્રીશ્રી (સહકાર) | સભ્યશ્રી |
| (૫) | મા.મંત્રીશ્રી (આદિજાતિ કલ્યાણ, વન અને પર્યાવરણનો વધારાનો હવાલો ) | સભ્યશ્રી |
| (૬) | માન. વિરોધપક્ષના નેતાશ્રી | સભ્યશ્રી |
| (૭) | માન. રાજયકક્ષાના મંત્રીશ્રી (ગૃહ) | સભ્યશ્રી |
| (૮) | મુખ્ય સચિવશ્રી | સભ્યશ્રી |
| (૯) | અધિક મુખ્ય સચિવશ્રી/ અગ્ર સચિવશ્રી, સચિવશ્રી ગૃહ | સભ્યશ્રી |
| (૧૦) | અધિક મુખ્ય સચિવશ્રી/ અગ્ર સચિવશ્રી, સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ. | સભ્ય સચિવશ્રી |
| (૧૧) | અધિક મુખ્ય સચિવશ્રી/ અગ્ર સચિવશ્રી, સચિવશ્રી, (આદિજાતિ કલ્યાણ) | સભ્યશ્રી |
| (૧૨) | પોલીસ મહાનિર્દેશકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર | સભ્યશ્રી |
| (૧૩) | અનુસૂચિત જાતિઓ અને જનજાતિઓ માટેના રાષ્ટ્રીય | |

| | | |
|---|---|---|
| | આયોગના નિયામકશ્રી, અમદાવાદ | |
| (૧૪) | નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર. | સભ્યશ્રી |
| (૧૫) | માન.શ્રી રતિલાલ કાળીદાસ વર્મા, સંસદસભ્યશ્રી, ધંધુકા | સભ્યશ્રી |
| (૧૬) | માન.શ્રી બાબુભાઇ ખીમાભાઇ કટારા, , સંસદસભ્યશ્રી દાહોદ, | સભ્યશ્રી |
| (૧૭) | માન.શ્રી મહેશકુમાર કનોડીયા, સંસદસભ્યશ્રી, પાટણ | સભ્યશ્રી |
| (૧૮) | માન.શ્રી ગોપાલભાઇ ગાભાભાઇ ધુંઆ, ધારાસભ્યશ્રી, મુન્દ્રા, | સભ્યશ્રી |
| (૧૯) | માન.શ્રી માધાભાઇ લાખાભાઇ બોરીચા, ધારાસભ્યશ્રી, કેશોદ | સભ્યશ્રી |
| (૨૦) | માન.શ્રી કાંતિભાઇ રામાભાઇ લકુમ, ધારાસભ્યશ્રી, બાવળા, | સભ્યશ્રી |
| (૨૧) | માન.શ્રી ઇશ્વરભાઇ ધનાભાઇ મકવાણા, ધારાસભ્યશ્રી,જોટાણા, | સભ્યશ્રી |
| (૨૨) | માન.શ્રી અંબાલાલ આશારામ રોહિત, ધારાસભ્યશ્રી, સોજીત્રા, | સભ્યશ્રી |
| (૨૩) | માન.શ્રી જસવંતભાઇ સુમનભાઇ ભાભોર, ધારાસભ્યશ્રી, રણધીકપુર, | સભ્યશ્રી |
| (૨૪) | માન.શ્રી કાંતિભાઇ ત્રિકમભાઇ ભીલ,, ધારાસભ્યશ્રી, નસવાડી, | સભ્યશ્રી |
| (૨૫) | માન.શ્રી હર્ષદભાઇ ચુનીલાલ વસાવા, ધારાસભ્યશ્રી, રાજપીપળા, | સભ્યશ્રી |

આ ઠરાવની અન્ય શરતો અને જોગવાઇઓ આમુખ (૪) માં દર્શાવેલ વિભાગના તા. ૧૭-૬-૨૦૦૩ ના ઠરાવ મુજબ રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( કે.એલ.તબિયાર )
ઉપસચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

માન.રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સર્વે મંત્રીશ્રીઓ / રા.ક.મંત્રીશ્રીઆના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
સમિતિના તમામ સભ્યો.
સચિવાલયના સર્વે વિભાગો.

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, રાજકોટ / અમદાવાદ
પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર / અમદાવાદ
નિવાસી તપાસ અધિકારીશ્રી, ગાંધીનગર / અમદાવાદ.
સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ.
સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
સર્વે જિલ્લા પોલીસ વડાઓ.
સર્વે પોલીસ કમિશ્નરશ્રીઓ.
સર્વે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ.
સર્વે તકેદારી ઓધકારીશ્રીઓ.
સર્વે સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (પંચાયત)
નાણાં શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
કમિશનરશ્રી, માહિતી ખાતુ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર તરફ (અખબારી યાદી પ્રસિધ્ધ સારુ )
સર્વે શાખાઓ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સિલેકટ ફાઇલ.